# Dr. Babasaheb Ambedkar Open University
## Term End Examination July – 2026

**Course Name : BSW**
**Subject Name : સમાજકાર્યમાં સંશોધન પદ્ધતિઓ**
**(Research Methods in Social Work)**
**Subject Code : BSW-401**

**Date : 09-07-2026**
**Time : 03:00pm to 05:15pm**
**Max Marks : 70**

---

**પ્રશ્ન-1. નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આપો.** **( 14 )**

(1) સમાજકાર્ય સંશોધન વૈજ્ઞાનિક પદ્ધતિઓના આધારે સેવાર્થી વિશેની માહિતી એકત્રિત કરવામાં કેવી રીતે મદદ કરે છે? યોગ્ય દૃષ્ટાંત આપીને સમજાવો.

(2) ગુણાત્મક સંશોધન પદ્ધતિના પ્રકારોની સમજૂતી આપો.

**પ્રશ્ન-2. નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આપો.** **( 14 )**

(1) સંશોધનનાં ગ્રંથાલયનું મહત્વ વિગતે સમજાવો.

(2) સમાજકાર્ય સંશોધનમાં ઉત્કલ્પનાનું મહત્ત્વ સમજાવો અને તેના લક્ષણો પર પ્રકાશ પાડો.

**પ્રશ્ન-3. નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આપો.** **( 14 )**

(1) વૈજ્ઞાનિક પદ્ધતિ શું છે? તેના તબક્કાઓની સમજ આપો.

(2) સામાજિક સંશોધનમાં માહિતી એકત્રીકરણની પદ્ધતિઓ અંગે સમજાવો.

**પ્રશ્ન-4. ટૂંકનોંધ લખો (કોઈપણ બે).** **( 14 )**

(1) સંશોધનમાં માહિતીનું અર્થઘટન કેવી રીતે કરવું અને તે સમાજ કાર્યમાં કેવી રીતે ઉપયોગી છે તે સમજાવો.

(2) પ્રશ્નાવલી અને મુલાકાત અનુસૂચિ વચ્ચેનો તફાવત સમજાવો.

(3) સામાજિક સંશોધનમાં નિરીક્ષણ પદ્ધતિનું મહત્વ અને તેના ઉપયોગો વર્ણવો.

(4) સંશોધનમાં નમૂના પસંદગી સમજાવો.

**પ્રશ્ન-5.** સાચો વિકલ્પ પસંદ કરો. **( 14 )**

**(1) સમષ્ટિમાંથી નાનો પ્રતિનિધિત્વ કરતો ભાગ શું કહેવાય?**

A) ફ્રેમ B) નિદર્શ

C) દર્શન D) ક્લસ્ટર

**(2) "વસ્તુલક્ષી અને ચકાસણીજન્ય પદ્ધતિઓ દ્વારા હકીકતો શોધવી" – આ વ્યાખ્યા કોણે આપી છે?**

A) ગોપાલ B) પોલિન થંગ

C) સુરેન્દ્રસિંહ D) મેકડોનાલ્ડ

**(3) મોઝર અને કાલ્ટને સર્વેક્ષણ આયોજનના કેટલા તબક્કાઓનું વર્ણન કર્યું છે?**

A) બે B) ત્રણ

C) ચાર D) પાંચ

**(4) Hypothesis શબ્દ કઈ ભાષામાંથી આવ્યો છે?**

A) સંસ્કૃત B) લેટિન

C) ગ્રીક D) અરબી

**(5) "ડિક્શનરી ઑફ મોર્ડન ઇકોનોમિક્સ" મુજબ ડેટાનું વ્યાખ્યાન કયું છે?**

A) માનવ વર્તન અંગેની ગુણાત્મક માહિતી B) આર્થિક ઘટનાઓના આંકડાકીય અવલોકનો

C) દૈનિક જીવનના અનુભવો D) વૈજ્ઞાનિક પ્રયોગોના પરિણામો

**(6) "સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન પદ્ધતિ" નો મુખ્ય હેતુ કયો છે?**

A) માત્ર સરકારના આંકડા મેળવવા B) ગ્રામજનોને સંશોધન પ્રક્રિયામાં સક્રિય ભાગીદાર બનાવવો

C) ગ્રામજનો પાસેથી દાન એકત્ર કરવું D) માત્ર આર્થિક માહિતી મેળવવી

**(7) કઈ નિરિક્ષણ પદ્ધતિમાં નિષ્પક્ષતા (Objectivity) જળવાય છે?**

A) સહભાગી નિરિક્ષણ B) અસહભાગી નિરિક્ષણ

C) બિન-નિયંત્રિત નિરિક્ષણ D) મૌખિક નિરિક્ષણ

*****